# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261)2662902, Fax No: 2662902, Email-suratdeo@gmail.com

જા.નં. મા-૨/૨૦૨૪/૧૩૨૨૯ તા.03/૦૯/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી/સંચાલકશ્રી,

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

કોલેજો અને યુનિવર્સીટી તમામ તથા પી.ટી.સી. કોલેજો તમામ,

સુરત, જિ. સુરત.

વિષય : ૫મી સપ્ટેમ્બર શિક્ષક દિન નિમિત્તે ફાળો એકત્રિત કરવા બાબત.

સંદર્ભ: પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: પ્રાશિનિ/રાજ્ય એવોર્ડ/૨૦૨૪/૨૩૮૮-૨૪૮૪, તા.૩૦/૦૮/૨૦૨૪.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે દર વર્ષે ૫મી સપ્ટેમ્બર "શિક્ષક દિન" તરીકે ઉજવાય છે. શિક્ષક દિન નિમિત્તે આપની શાળા/કોલેજના વિદ્યાર્થીઓ/શિક્ષકો પાસેથી સ્વૈચ્છિક ફાળો એકત્રિત કરવા જણાવવામાં આવે છે. સ્વૈચ્છિક ફાળો ૫મી સપ્ટેમ્બરથી શરૂ કરી એક અઠવાડિયા સુધી એકત્રિત કરી અત્રેની કચેરીની <u>મા-૨ શાખામાં રૂબરૂ જમા</u> કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ-સુરત

ક્રમાંકઃ- પ્રાશિનિ/જ/રાજ્ય એવોર્ડ/૨૦૨૪/ ૨૩૮૮ - ૨૪૮૪

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,

બ્લોક નં-૧૨/૧,ડો. જી.મ.ભવન,

ગુ. રા. ગાંધીનગર,

તા.૩૦/૦૮/૨૦૨૪

વિષયઃ- ૫ સપ્ટેમ્બર-૨૦૨૪ "શિક્ષકદિન"ના કાર્યક્રમ બાબત.

સંદર્ભઃ-અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃપ્રા.શિ.નિ./નિધિ-આ.સહાય/૨૦૨૧/૨૦૩૦-૩૧૫, તા.૦૯/૦૨/૨૦૨૧

સ્નેહીશ્રી,

આપ સુવિદિત છો કે દર વર્ષે ૫ મી સપ્ટેમ્બર "શિક્ષકદિન" તરીકે ઉજવાય છે. ચાલુ વર્ષે પણ ૫મી સપ્ટેમ્બર-૨૦૨૪ ના દિવસે "શિક્ષક દિન" નિમિત્તે કાર્યક્રમ કરવા અંગે આપના જિલ્લામાં નીચે મુજબ કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

(૧) જિલ્લા તથા તાલુકા કક્ષાનાં પારિતોષિક માટે અત્રેની કચેરી દ્વારા ગ્રાંટ ફાળવી આપવામાં આવશે. આ ગ્રાંટમાંથી પારિતોષિક કાર્યક્રમનાં ખર્ચની વ્યવસ્થા જીલ્લા કક્ષાએથી કરવાની રહેશે.

(૨) શિક્ષક દિનનાં કાર્યક્રમ માટે સ્થાનિક ઉજવણી સમિતિના સભ્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવવાનો રહેશે.

(૩) શિક્ષક દિનનાં કાર્યક્રમ કરવા સંબંધે સ્થાનિક ઉજવણી સમિતિ દ્વારા મળેલ માર્ગદર્શન મુજબ આયોજન કરશો.

(૪) શિક્ષક દિનનાં કાર્યક્રમ દરમ્યાન પ્રત્યેક જિલ્લા દીઠ શિક્ષક દિન નિમિત્તે વધુમાં વધુ ફાળો એકત્રિત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે અને તેને ધ્યાનમાં રાખી વધુમાં વધુ ફાળો એકત્રિત કરવાના કાર્યક્રમનું આયોજન ગોઠવવું.

(૫) આ ફાળો એકત્ર કરવાનું કાર્ય તારીખ ૫ સપ્ટેમ્બર, શિક્ષક દિનથી શરૂ કરીને એક અઠવાડિયા સુધી રાખી શકાય.

(૬) આ કાર્યક્રમ દરમ્યાન એકત્ર થયેલ ફાળાની રકમ નીચેની વિગતે બારોબાર જમા કરાવવાની રહેશે.

| ક્રમ | ફાળો એકત્ર કરનાર સંસ્થાઓ | નિયંત્રણ અધિકારી |
|---|---|---|
| 1 | નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓ | શાસનાધિકારી,સંબંધિત નગર/મહાનગર શિક્ષણ સમિતિ |
| 2 | જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ અને ખાનગી પ્રાથમિક શાળાઓ | સંબંધિત તાલુકાનાં તાલુકા વિકાસ અધિકારી અને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી |
| 3 | માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | જીલ્લા શિક્ષણાધિકારી |
| 4 | કોલેજો અને યુનિવર્સીટી સંલગ્ન સંસ્થાઓ | જીલ્લા શિક્ષણાધિકારી |
| 5 | પી.ટી.સી કોલેજો | જીલ્લા શિક્ષણાધિકારી |

એકત્ર થયેલ ફાળાની રકમનો રોજે રોજનો હિસાબ ઉપરોક્ત અધિકારીઓએ રાખવાનો રહેશે અને ફાળો એકત્ર કરવાનું અઠવાડિયું પુરૂં થાય તુરંત જ નીચે જણાવેલ બેંકમાં અને જણાવેલ ખાતામાં સંબંધિત અધિકારીશ્રીઓએ બારોબાર જમા કરાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

-:શિક્ષકદિનનો ફાળો નીચેની બેંકમાં જમા કરાવવાનો રહેશે:-

ખાતાનું નામઃ-સેક્રેટરી/ટ્રેઝરર, નેશનલ ફાઉન્ડેશન ઓફ ટીચર્સ વેલ્ફેર,

બેંકનું નામ :-સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, મેઈન બ્રાન્ચ, સચિવાલય,ગાંધીનગર.

ખાતા નં.10325061369

5૨45

(૭) આપના તરફથી એકત્ર થયેલ ફાળો રોકડેથી કે ડીમાન્ડ ડ્રાફ્ટ કે ચેકથી આ કચેરીને મોકલવાનો નથી. તેની ખાસ કાળજી લેવી અને ઉપરોક્ત જણાવેલ સ્ટેટ બેન્કના ખાતામાં જમા કરાવવાનો રહેશે.

(૮)જિલ્લાના ઉદ્યોગપતિઓને "શિક્ષકદિન" નિમિત્તે ઉદારતાથી ફાળો આપવા અપીલ કરવી.

(૯) ગુજરાત રાજ્ય શિક્ષકોના માન્ય તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘોને અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:પ્રા.શિ.નિ./નિધિ-આ.સહાય/૨૦૨૧/૨૦૩૦-૩૧૫, તા.૦૯/૦૪/૨૦૨૧થી લેવાયેલ નિર્ણય મુજબ તમામ શિક્ષકોને "શિક્ષકદિન"નિમિત્તે ઉદારતાથી વધુમાં વધુ ફાળો આપવા અપીલ કરવી.

(૧૦)ફાળો એકત્ર કરવાની જરૂરી વ્યવસ્થા દરેક જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીશ્રીએ કરવાની રહેશે.

(૧૧)શિક્ષક દિનની ઉજવણીનો અહેવાલ, આ કચેરીને ડૉ. એમ. એન. પટેલ, નાયબ નિયામકશ્રીના નામજોગ તા.૨૫/૦૯/૨૦૨૪ સુધીમાં મોકલી આપવો. આપના જિલ્લાના કાર્યક્રમોના ફોટોગ્રાફ તથા એકત્રીત થયેલ ફાળાની વિગતો પણ અહેવાલમાં સામેલ કરવી.

(૧૨) તારીખ ૫-મી સપ્ટેમ્બર ૨૦૨૪નાં રોજ શિક્ષક દિન નિમિત્તે તાલુકા અને જિલ્લા કક્ષાએ જે શિક્ષકોને પારિતોષિક આપવા માટે પસંદગી કરવામાં આવેલ છે. તેઓને સંબધિત તાલુકા અને જિલ્લા કક્ષાએ પારિતોષિક વિતરણ અંગેના કાર્યક્રમનું સુચારૂ આયોજન હાથ ધરવા જણાવવામાં આવે છે.

નોંધ :-કોઇપણ સંસ્થાએ રોકડમાં ફાળો અત્રેની કચેરીને મોકલવો નહિ.

આપની સ્નેહાધિન,

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ગુ.રા. ગાંધીનગર

પ્રતિ,

(૧)નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેકટર-૧૨, ગાંધીનગર.

(૨)જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ આપના જિલ્લાની આવેલ બિનસરકારી/ સરકારી શાળાઓ કચેરીઓને પણ આ પરિપત્રની જાણ કરી, તેઓને પણ આ કામગીરીમાં ભાગીદાર બનાવશો.

(૩) પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

(૪) નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીશ્રી, તમામ.

(૫) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.

(૬) વર્ગ-૧ અને વર્ગ-૨ના તમામ અધિકારીશ્રીઓ, સદર કચેરી.

નકલ સવિનય રવાના જાણ સારૂ:-

(૧) અંગત સચિવશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧,નવાસચિવાલય, ગાંધીનગર.